# ૪૮ કલાકમાં પાલનપુર-અમીરગઢ અને દાંતામાં ૪ ઈંચ વરસાદ

પાલનપુર, તા. ૧૯

બનાસકાંઠામાં ભારે વરસાદની આગાહી વચ્ચે શુક્રવારે સાંજે પુરા થતા ૪૮ કલાક દરમિયાન પાલનપુર-અમીરગઢ અને દાંતામાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓમાં દોઢથી અઢી ઈંચ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.




બનાસકાંઠામાં ભારે વરસાદની આગાહી વચ્ચે વરસાદી માહોલ જામ્યો છે. જ્યાં આ વખતે જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલા પાલનપુર, વડગામ, દાંતા, અમીરગઢ, દાંતીવાડા પંથકમાં મેઘ મહેર થવા પામી હતી. શુક્રવારે સાંજે પુરા થતાં ૪૮ કલાક દરમિયાન પાલનપુર-અમીરગઢ અને દાંતામાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓમાં દોઢથી અઢી ઈંચ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. પાલનપુરમાં આબુ હાઈવે ઉપર સાંઈબાબા મંદિર પાસે કેડ સમા પાણી ભરાઈ જતાં વાહનચાલકો અટવાઈ ગયા હતા. જ્યાં હાઈવેનો એક માર્ગ બંધ કરવાની ફરજ પડી હતી અને હાઈવે ઓથોરિટી દ્વારા પાણી નિકાલ માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત મફતપુરા, ગણેશપુરા આંબાવાડી તેમજ હાઈવે સ્થિત સોસાયટીઓમાં પાણી ભરાતા લોકો ભારે હાલાકીમાં મુકાઈ ગયા હતા. જિલ્લામાં સર્વત્ર વરસાદ થતાં ખેડૂતોમાં આનંદ પ્રસરી ગયો હતો.



વડગામ તાલુકાના મુમનવાસ ગામ પાસે અરવલ્લીની ગીરીમાળામા ગુરૂ ધુધલીમલ મહારાજનો પાણીયારી આશ્રમની જગ્યા આવેલી છે, જયાં ઉપરવાસમાં વરસાદ થવાથી પર્વતોમાંથી કુદરતી ઝરણા ફૂટી નીકળ્યા હોય કુદરતી નજારો આહલાદક દેખાય છે. આ નજારાને માણવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડી કુદરતી સ્વિમિંગ પુલનો ફ્રી મા આનંદ માણે છે.

# મેઘરજના રાંજેડી પ્રાથમિક શાળાના શિક્ષકની બદલીથી થતાં શાળાને કરાઈ તાળાબંધી

મેઘરજ, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રાંજેડી ગામની પ્રાથમિક શાળામાં વધમાં પડેલ શિક્ષકની બદલી કરવામાં આવતા ગ્રામજનો રોષે ભરાયા હતા અને રાંજેડી પ્રાથમિક શાળાને તાળાબંધી કરી શિક્ષકને ફરીથી શાળામાં પરત લાવવાની માંગ કરતાં વહીવટીતંત્ર દોડતું થઈ ગયું હતું. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તાબડતોડ રાંજેડી પ્રાથમિક શાળામાં પહોંચી ગ્રામજનો અને વાલીઓ સાથે બેઠક કરી બદલી કરવાનું કારણ સમજાવતા વાલીઓમાં રોષ સમ્યો હતો અને તાળાબંધી થયેલો હોબાળાનો અંત આવ્યો હતો.

મેઘરજ તાલુકાની રાંજેડી પ્રાથમિક શાળા ધોરણ.૧ થી ૮માં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ધો.૬ થી ૮માં અભ્યાસ કરાવતા કિરણભાઈ પટેલ નામના શિક્ષક સરકારના અને પ્રાથમિક શિક્ષણ વિભાગના ધારા ધોરણ મુજબ વધમાં પડતા તેમની અન્ય શાળામાં બદલી કરવામાં આવી હતી.

સોમવારે સવારે રાંજેડી ગ્રામજનોએ શાળામાં સંખ્યા પૂરતી હોવાછતાં શિક્ષકની બદલી કરવામાં આવી હોવાથી શિક્ષકના અભાવે બાળકોના અભ્યાસ પાર અસર પડતી હોવાના આક્ષેપ સાથે રાંજેડી પ્રાથમિક શાળાની તાળાબંધી કરતાં ભારે હોબાળો થયો હતો. રાંજેડી શાળાની તાળાબંધીને લઈને વહીવટીતંત્રમાં દોડધામ મચી હતી. મેઘરજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી લીલાબેન તાબડતોડ રાંજેડી પહોંચી ગામના અગ્રણીઓ અને વાલીઓ સાથે ચર્ચા કરી સમજાવટ કરતાં શાળાની તાળાબંધીને લઈને થયેલા હોબાળાનો અંત આવ્યો હતો.

મેઘરજ પ્રાથમિક શિક્ષણાધિકારી લીલાબેન તાળાબંધીની ઘટનાથી અકળાઈ ઉઠ્યા હતા.

રાંજેડી પ્રાથમિક શાળામાં તાળાબંધી કરતાં આ અંગે પ્રાથમિક શિક્ષણાધિકારી લીલાબેનને ટેલિફોનિક પૂછપરછ કરતાં શરૂઆતમાં અકળાઈ ઉઠ્યા હતા અને રાંજેડી પ્રાથમિક શાળામાં તાળાબંધી અંગે તમને જેને ફોન કર્યો હોય તેને પૂછો જેવો તુમાખીભર્યો જવાબ આપ્યો હતો. તેમની તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ફરજ અને જવાબદારી બનતી હોવાનું જણાવતા હાલ ગ્રામજનો સાથે મિટિંગ ચાલુ હોવાનું અને સમાધાન થઈ ગયું હોવાનું જણાવ્યું હતું.





સોમનાથ દાદાના દર્શન - પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી સહપરિવાર સોમનાથ દાદાના દર્શને પહોંચ્યા હતા... વહેલી સવારે પૂજન-અર્ચન દ્વારા ગુજરાતની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

# વડગામના મગરવાડા અને વરસડા વચ્ચે રસ્તા પર પાણી ભરાતાં વાહનચાલકો પરેશાન

વડગામ, તા. ૧૯

વડગામ તાલુકાના મગરવાડા અને વરસડા વચ્ચે રસ્તા પર પાણી ભરાતાં વાહન ચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે અને આજુબાજુ ખેતરના માલિકોએ પાળા ઊંચા કર્યા હોવાથી રોડ પર પાણી ભરાય છે. જેને લઈ રોડ ઊંચો ઉપાડવા વારંવાર રજૂઆત કરવા તત્રના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.



વડગામ તાલુકાના મગરવાડા અને વરસડા વચ્ચે રોડ પર પાણી ભરાઈ જતા વાહનચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે અને કેટલીકવાર વધારે પાણી હોવાથી વરસડા ગ્રામજનોને ફરીને તેમના ઘરે જવું પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. કેટલીકવાર બાઈક ચાલકો અને નાની ગાડીઓ પાણીમાં બંધ થઈ જાય છે અને તેમને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ત્યારે આ અંગે જવાબદાર રોડ ખાતાના અધિકારીઓને ગામના આગેવાનો, સરપંચો સહિત લોકોએ વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરી છે પણ જવાબદાર અધિકારીઓ આખ આડા કાન કરી રહ્યા છે. બીજી બાજુ રોડની સાઈડો પર ખેતર માલિકોએ તેમના પાળા ઊંચા કર્યા છે જેના લીધે રોડ ખાડામાં હોવાથી ત્યાં પાણી ભરાય છે અને વાહનચાલકોથી લઈ આ રોડ પરથી વરસડા, એડ્રાણા, પસાવાદલ શાહીત જતા વાહન ચાલકો પરેશાની ભોગવી રહ્યા છે. ત્યારે તેમની માંગ છે કે આ રોડ ઉંચો કરવામાં આવે. ત્યારે આ અંગે વરસડા ગામમાં અગ્રણી અને જિલ્લા પંચાયતના સદસ્ય ફલજીભાઈ ચોધરીએ આ અંગે રોડ ખાતાને લેખિત રજૂઆત કરી છે અને તાત્કાલિક આ રોડ ઉંચો કરવામાં આવે તેવી માંગ કરી છે.

# આવતીકાલે કલોલ અને ૨૨મીએ પેથાપુર ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આગામી તા. ૨૧મી ઓગષ્ટના રોજ કલોલ અને તા. ૨૨મી ઓગષ્ટના રોજ પેથાપુર ખાતે રોજગાર ભરતી મેળો અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

કલોલ ખાતે તા. ૨૧મી ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે રોજગાર ભરતી મેળો અને એપ્રેન્ટીસ ભરતી મેળો સરકારી ટેકનીકલ સંસ્થા, કલોલ પોલીસ સ્ટેશન સામે, અમદાવાદ-મહેસાણા હાઈવે, કલોલ ખાતે યોજાશે. તા. ૨૨મીના રોજ સવારના ૧૦.૩૦ કલાકે રોજગાર ભરતી મેળો અને એપ્રેન્ટીસ ભરતી મેળો પેથાપુર નગરપાલિકા કોમ્યુનીટી હોલ, શ્રી રામદેવપીર મંદિર પાસે, પેથાપુર બસ સ્ટેન્ડ રોડ, પેથાપુર, તા.જી. ગાંધીનગર ખાતે યોજાશે.

આ મેળામાં ઘોરણ-૧૦ પાસ, ઘોરણ-૧૨ પાસ/નાપાસ, આઈ.ટી.આઈ.( તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજયુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર જેમ કે કોપા, બી.કોમ, બીસીએ ઉમેદવારો ભાગ લઈ શકશે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરનો સંપર્ક કરવા અને ઈચ્છુક ઉમેદવારોએ તેઓના બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારી(જનરલ)એ જણાવ્યું છે.

# રાજ્યમાં વરસાદી માહોલ અકબંધ રહેવાની સંભાવના

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના જુદા જુદા ભાગોમાં હળવો વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. આજે પણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થયો હતો. સૌરાષ્ટ્ર ઉપર અપરએર સાયકલોનિક સરક્યુલેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે જેના લીધે હજુ પણ વરસાદી માહોલ રહી શકે છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી ભારે વરસાદ માટે જારી કરવામાં આવી નથી પરંતુ હળવા વરસાદી ઝાપટા જારી રહેવાની આગાહી કરવામાં આવી છે. આગામી પાંચ દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદ જુદા જુદા વિસ્તારમાં પડી શકે છે જેમાં જામનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ,

સાબરકાંઠા, બનાસકાંઠા, ગાંધીનગરનો સમાવેશ થાય છે. હળવા વરસાદી ઝાપટા વચ્ચે સાફ સફાઈ અભિયાન પણ તીવ્ર કરવામાં આવી ચુક્યું છે. ગુજરાતમાં રાજયમાં નોંધાયેલા સાર્વત્રિક વરસાદના કારણે ચોમાસાની સીઝનનો અત્યાર સુધીમાં સરેરાશ ૮૮.૫૯ ટકા વરસાદ એટલે કે, લગભગ ૮૯ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. મેઘરાજા ખૂબ સારી રીતે રાજયભરમાં મહેરબાન થતાં અને નવા નીરની આવકને પગલે રાજ્યના કુલ ૨૦૪ જળાશયોમાંથી ૩૮ જળાશયો છલકાયાં છે. રાજયના જળાશયો છલકાઈ જતાં ખેડૂતઆલમમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.

# ડીસાના રામસણથી પટેલપુરા માર્ગ વરસાદી પાણીમાં ગરકાવ

### ૧૦ દિવસથી અવરજવર બંધ થઈ જતા ગામલોકો ત્રસ્ત

ડીસા, તા. ૧૯

ડીસા તાલુકાના રામસણથી પટેલપુરાને જોડતા મુખ્ય માર્ગ ઉપર રેલવે તંત્ર દ્વારા બનાવેલ અંડરપાસ નાળામાં વરસાદી પાણી ભરાઈ જતા સ્થાનિક ગામલોકો ભારે મુશ્કેલી વેઠી રહ્યાં છે. નાળામાં વરસાદી પાણી ભરાઈ જવાના કારણે આ માર્ગ ચોમાસા દરમિયાન ૧૦ દિવસથી બંધ થઈ જતા સ્કૂલે જતા ૩૦૦થી વધુ બાળકો તેમજ ડેરીએ દૂધ ભરાવા જતા પશુપાલકો પણ પારાવાર મુશ્કેલી વેઠી રહ્યાં છે.



ગામલોકોનો એક ગામથી બીજા ગામનો સંપર્ક તૂટી જાય છે. દર ચોમાસે સામાન્ય વરસાદમાં પણ સર્જાતી આ મહા હાડમારી બાબતે તેમણે અવારનવાર તંત્રને લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતાં આ સમસ્યાનો નિકાલ ના આવતા આખરે આ ગામલોકોએ સોમવારે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી પાણીના નિકાલ મુદ્દે ઉગ્ર રજુઆત કરી હતી.



નાગપંચમીની મંગળવારના દિવસે ઉજવણી કરવામાં આવનાર છે. આને લઈને અમદાવાદ શહેરના શાહીબાગ ડફનાળા પાસે ગોગા મહારાજના મંદિરમાં તૈયારી કરવામાં આવી છે.

## નાગરિકના પ્રશ્નો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અખત્યાર કરી રહ્યું છે તે યોગ્ય નથી. આમ જ કરવાનું હોય તો સારું એ ગણાશે કે અમારી ગ્રાન્ટ પરત લઈ લો.

કોંગીના અંકિત બારોટે કહ્યું કે શહેરમાં છેલ્લા એક સપ્તાહથી પાણી ડહોળું આવી રહ્યું છે. ડહોળું પાણી પીવાલાયક છે કે નહિ તેની અસર પડતી નથી. આ ઉપરાંત પાણીનો જે સપ્લાય આપવામાં આવી રહ્યો છે તે પણ ફોર્સ વિહીન હોય છે. જેથી ગાંધીનગર અગાઉ ક્યારેય નહોતું તેનાથી વધુ કઠિન પાણીની સમસ્યાથી ઝઝૂમી રહ્યું છે. શહેરમાં વરસાદને પગલે ભુવા પડી ગયા છે. વિકાસની આવી આડઅસર તો બહુ કહેવાય. બારોટે શહેરના જુના સેક્ટરોમાં ટેન્કરથી પાણી આપવાનો પ્રબંધ કરવાની વાત કરી હતી. આ ઉપરાંત શહેરમાં મોટાભાગની બંધ રહેતી સ્ટ્રીટ લાઈટોની સમસ્યા તેમજ સોલાર લાઈટ્સના રીપેરીંગમાં તંત્રની ઉદાસીનતા સામે પણ રોસ બારોટે વ્યક્ત કર્યો હતો.

વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ પણ સ્ટ્રીટલાઈટ અને પાણીની સમસ્યા ગંભીર હોવાનું અને સે. ૨૯ સુધીમાં તો ગાડીની ગાડીઓ ઉતરી જાય તેવા ભુવા પડ્યા છે. હવે તો ભગવાન બચાવે - અહિ કોઈ મોટી જાનહાનિ થશે તેવો ભય પણ વ્યક્ત કર્યો હતો.

મેયર રીટાબેન પટેલે કહ્યું કે નર્મદામાં પૂરની સ્થિતિને કારણે ડહોળા પાણીની સમસ્યા ઉદ્ભવી છે. એકાદ સપ્તાહમાં બધુ સારું થઈ જશે. પાણી પુરવઠા અંગે અમને કોઈ કહેશે તો ટેન્કરથી પાણી આપીશું. શહેરમાં પાણીની કોઈ ગંભીર સમસ્યા નથી.

તો તમે કેમ નિવેદન નથી આપતા તેવા પ્રશ્નો કોંગીના ચીમન વિઝુંડા, રાકેશ પટેલે, જયરાજસિંહે પણ ઉઠાવ્યા હતા. મેયરે કહ્યું કે પાણી વિતરણના ઈજનેરે નિવેદન પાણીની ગુણવત્તાને લઈ કર્યું જ છે. ભુવાઓ જે પડ્યા છે તેના દુરસ્તીકરણની કામગીરી પણ હાથ ધરવામાં આવી જ છે.

કોંગ્રસે પાણીના મુદ્દે રજૂઆતો કરવાનું ચાલુ રાખતાં મેયરે સભાગૃહની કાર્યવાહી પૂર્ણ થયાનું જાહેર કરી દીધું હતુ.

## ભાજપમાં જોડાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યથાર્થ કરતાં દેશહિતના અનેકવિધ ઐતિહાસિક નિર્ણયો લઈ રહી છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વ તથા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની કુશળ સંગઠનશક્તિ તથા ભાજપાની રાષ્ટ્રપ્રથમ તથા સર્વજન સુખાય સર્વજન હિતાયની વિચારધારાથી પ્રભાવિત થઈ જનસેવાના ભાવથી વિવિધ કલાજગત તથા વિવિધ ક્ષેત્રોના લોકો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ રહ્યા છે.

## ડહોળા પાણીની...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહ્યો છે. હાલ કેનાલના પાણીમાં ડહોળાશનુ પ્રમાણ ૨૧ એન પી યુ જેટલુ છે. જયારે પાણીને શુધ્ધ કર્યા બાદ અગાઉ ૮ એન પી યુ જેટલી ડહોળાશ હતી. જયારે હાલ ટર્બિલીટીનુ પ્રમાણ ૩ થી ૪ જોવા મળતી હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. પાણીમાં ડહોળાશની માત્રાને નિયંત્રિત કરવા માટે શહેરમાં ૭ એમ એલ ડી જેટલો સપ્લાય ઘટાડી દેવાયો છે. કેનાલમાં પાણીનો ફોર્સ વધતા વમળના લીધે માટી અને કચરો પાણીમાં મિશ્રિત થતા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જેને નિવારવા માટે પાણીને સ્થિર કરવા માટે પણ સપ્લાય ઘટાડી ટર્બિલીટીને ડામવાનો પ્રયાસ કરાયો છે.

## હિમવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સર્જાયેલી છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં વાદળ ફાટવાથી ભારે નુકસાન થયુ છે. બંને રાજ્યોમાં પુર અને વરસાદના કારણે મોતનો આંકડો વધીને ૫૫ ઉપર પહોંચી ગયો છે. મોટી સંખ્યામાં લોકો હજુ પણ લાપતા થયેલા છે. યંમુના સાથે જોડાયેલા નજીકના વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળ પર ખસેડી દેવામાં આવ્યા છે. જુદા જુદા રાજ્યોમાં સ્થિતી ગંભીર બનેલી છે. બંને રાજ્યોમાં જનજીવન પર માઠી અસર થયેલી છે. રાજ્યના તમામ વિસ્તારોમાં ભેખડો ધસી પડવા અને નવેસરથી પુરના કારણે ૩૨૩ રસ્તાઓ અને રાષ્ટ્રીય રાજમાર્ગ સંખ્યા પાંચ ઉપર વાહનોની અવરજવરને રોકી દેવામાં આવી છે. હિમાચલ પ્રદેશ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ પુરની સ્થિતિ સર્જાયેલી છે. વરસાદ સંબંધિત ઘટનાઓના કારણે હિમાચલમાં ૨૦થી વધુ લોકોના મોત થયા છે. શિમલા આરટીઓ ઓફિસની પાસે ભેખડ ધસી પડતા ત્રણ લોકોના મોત થયા છે. આ ઉપરાંત આ ઘટનામાં અન્ય કેટલાક લોકો ગંભીરરીતે ઘાયલ થયા છે. બીજી બાજુ કુલ્લુ જિલ્લામાં રોહરુમાં ભેખડો ધસી પડવાના કારણે એકનું મોત થયું છે. વૃક્ષ ધરાશાયી થવાના લીધે બે નેપાળી નાગરિકોના મોત થયા છે. ચમ્બામાં પણ ભારે વરસાદના પરિણામ સ્વરુપે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આજે કિન્નોર જિલ્લાના રિબ્બા વિસ્તારમાં વરસાદના કારણે ભેખડો ધસી પડતા રાષ્ટ્રીય રાજમાર્ગ આઠને બંધ કરવાની ફરજ પડી છે. પ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં ભેખડો ધસી પડતા ૩૨૩ રસ્તાઓ ઉપર વાહનોની અવરજવર રોકી દેવામાં આવી છે. કાંગરા જિલ્લામાં પાંચ ઈંચથી વધુ વરસાદ થયો છે જ્યારે ધર્મશાળામાં પણ પાંચ અને દલહોજી અને ચંબામાં ત્રણ ઈંચ સુધીનો વરસાદ થયો છે. ચંબા, કાંગરા સહિતના વિસ્તારોમાં તંત્ર સંપૂર્ણપણે એલર્ટ થયું છે. બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. લાહોલ, સ્પીતી જિલ્લામાં મનાલી તરફ જતા નેશનલ હાઈવે ઉપર કોકસર પાસે પુલ ધરાશાયી થતાં વાહનોની અવરજવર રોકી દેવામાં આવી છે. મનાલી-લેહ હાઈવેને પણ બંધ કરવાની ફરજ પડી છે.

## મંદીના એંધાણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરચાર્જ સંબંધિત ચિંતા તથા નબળા વૈશ્વિક વાતાવરણના પરિણામ સ્વરુપે વૈશ્વિક બજારો હચમચી ઉઠ્યા છે. ખાસ કરીને પાંચમી જુલાઈના દિવસે કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ બેંકિંગ શેરમાં મોટો કડાકો બોલી ગયો છે. નોન પરફોર્મિંગ લોન ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. મોટાભાગની બેંકોના શેરમાં હાલત કફોડી બનેલી છે. પ્રાઈવેટ બેંકોના લોન ગ્રોથમાં ઘટાડો નોંધાયો છે. ખરીદી શક્તિ પણ ઉલ્લેખનીયરીતે ઘટી રહી છે. આવી સ્થિતિમાં આગામી તબક્કો ખુબ જ મુશ્કેલરુપ રહે તેમ માનવામાં આવે છે. જાણકાર લોકોના કહેવા મુજબ મંદીનો સામનો કરવા માટે જુદા જુદા દેશોમાં પગલા લેવામાં આવી રહ્યા છે. ભારતમાં પણ હાલમાં આર્થિક મંદી પ્રવર્તી રહી છે. મંદીમાંથી બહાર નિકળવા પગલા ઉપર પણ વિચારણા ચાલી રહી છે.

## શાળાઓ ખુલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા છે. અધિકારીઓએ કહ્યુ છે કે જેમ જેમ સ્થિતી સામાન્ય બનશે તેમ તેમ સ્કુલોમાં અભ્યાસને શરૂ કરી દેવામાં આવશે. એક દિવસ પહેલા જ આ તમામ વિસ્તારોમાં ઓછી ઝડપ સાથે ટુજી મોબાઈલ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ તેને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર અને લડાખમાં વિભાજિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક દિવસ પહેલા જ ચોથી ઓગસ્ટના દિવસે પણ કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા. જમ્મુ ક્ષેત્રના પાંચ જિલ્લામાં ટુજી મોબાઈલ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવ્યા બાદ જમ્મુના પોલીસ મહાનિર્દેશક મુકેશ સિંહે ચેતવણી આપતા કહ્યું હતું કે, સોશિયલ મિડિયા ઉપર બોગસ સંદેશા અને વિડિયો પ્રસારિત કરનાર સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં ફેસબુક ઉપર જાહેર વ્યવસ્થા માટે ખતરા તરીકે હોવાની વાત કરનાર બે લોકોની સામે કેસ કરવામાં આવ્યો છે. આ બે શખ્સોની ઓળખ અતીક ચૌધરી અને ફારુક ચૌધરી તરીકે થઈ છે.